## આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે

# કોમર્સ ફેકલ્ટીના પ્રથમ વર્ષની ૭૫ વિદ્યાર્થિનીઓને સ્કોલરશિપ અપાશે

વડોદરા, રવિવાર

આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે આજે એમ.એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી ખાતે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કોમર્સ ફેકલ્ટીની ૭૫ વિદ્યાર્થિનીઓને સ્કોલરશિપ આપવાની જાહેરાત કરાઈ હતી.

મળતી વિગતો પ્રમાણે ફેકલ્ટીના કોમર્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ વિભાગના મેનેજમેન્ટ સ્ટુડન્ટસ એસોસિએશન દ્વારા આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી કરવા માટે આજે કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ ૭૫ વૃક્ષોનુ પ્લાન્ટેશન કર્યુ હતુ. સાથે સાથે એનજીઓની મદદથી કોમર્સ ફેકલ્ટીના પહેલા વર્ષની ૭૫ વિદ્યાર્થિનીઓને સ્કોલરશિપ આપવાની જાહેરાત કરાઈ હતી.

સૂત્રોનુ કહેવુ હતુ કે, આ સ્કોલરશિપ ઓપન કેટેગરીની અને બીજી કોઈ સ્કોલરશિપ ના મળતી હોય તેવી વિદ્યાર્થિનીઓ માટે હશે. જેમાં એનજીઓની મદદથી ૭૫ વિદ્યાર્થિનીઓને તેમની આર્થિક સ્થિતિના આધારે પસંદ કરવામાં આવશે. ત્રણ વર્ષ સુધી તેમની તમામ ફી એનજીઓ ભરશે. સ્કોલરશિપ આપતા પહેલા વિદ્યાર્થિનીઓના લાઈટ બિલની ચકાસણીથી માંડીને તેમના ઘરની મુલાકાત પણ લેવામાં આવશે. સ્કોલરશિપ મેળવનાર વિદ્યાર્થિનીઓએ ફર્સ્ટ ક્લાસ લાવવો પડશે. આ માટે પણ તેમને ક્રેશ કોર્સ થકી મદદ કરાશે.

આ સ્કોલરશિપ આવતા વર્ષે પણ ચાલુ રાખવામાં આવશે.